## પ્રકરણઃ ૭ : ઉપસંહાર

૭:૧: સંદર્ભગ્રંથસૂચિ

૭:૨: લેખ સૂચિ

૭:૩: સામયિકસૂચિ

૭:૪: ઇન્ટરનેટ સૂચિ

## પ્રકરણ :૭: ઉપસંહાર

અગાઉના છ પ્રકરણોમાં ભારતીયતાની વિભાવના ગુજરાતી નવલકથાકારો - ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણલાલ વ. દેસાઈ, કનૈયાલાલ મુનશી, મનુભાઈ પંચોળી 'દર્શક' અને ધ્રુવ ભટ્ટની કેટલીક નવલકથાઓમાં જોવા મળતાં ભારતીયતાનાં પરિમાણોનો મેં મારો અભ્યાસ રજૂ કર્યો છે. આપણે જાણીએ છીએ કે 'ભારતીયતા' સંજ્ઞા બહુસંકુલ છે એની તપાસ કરવી એ એક પડકાર છે. મેં મારા અભ્યાસમાં આ પડકારને શકય તેટલો ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે.

ભારત દેશ બહુ વિશાળ છે. પાંચ હજાર કે તેથી ય વધુ જૂની એની સંસ્કૃતિ છે. એની પાસે વેદો, ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો આરણ્યકો, શ્રુતિ – સ્મૃતિગ્રંથોનો ભવ્ય વારસો છે. રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવદ્, શ્રીમદ્ ભાગવદ્ગીતાની અનોખી જ્ઞાન -કાવ્ય પરંપરાઓ છે. ભારતીય સંત- પરંપરા છે. સંસ્કૃત-પ્રાદેશિક સાહિત્યો છે. શિક્ષણ પરંપરાઓ અને કળા પરંપરાઓ છે. વિધવિધ જાતિ-કોમનો –લોકનો ભવ્ય સાંસ્કૃતિક વારસો છે. ભિન્ન-ભિન્ન જીવનપધ્ધતિઓ અને જીવનમૂલ્યો છે. બેસુમાર પ્રાકૃતિક પરિવેશ છે. ભિન્ન ભિન્ન ધર્મો, ભિન્ન ભિન્ન ભાષા અને ભિન્ન ભિન્ન રસ-રુચિ ધરાવતી ભારતીય પ્રજા છે. આ બધાનો સમાવેશ કરું તો ભારતવર્ષની ઝાંખી કરી શકું. આ ભારતવર્ષ એ કેવળ ભૂ-ભાગ નથી પરંતુ ભારતમાં નિવસતા પ્રત્યેક ભારતીયનો પોતીકો, સર્વોપરી ભાવ છે. જેમાં 'સ્વ' નહિ પણ 'સમસ્ત' નો મંત્ર ગૂંજે છે. જાતિ, સમુદાય, વર્ગ, પ્રદેશ બધું એકમેકમાં વિલીન થઈને એ સર્વથી ઉપર જે વિલસે તેવો એ સંસ્કાર, એવી જીવનપદ્ધતિ હોય જે પોતાનું સાચવીને વિશ્વના દ્વાર ખોલી આપે,

અર્થાત્ મૂળગત તત્ત્વો અને સત્ત્વોની સાથે નવાં તત્ત્વો અને સત્ત્વો સાથેનું ચેતનાગત જોડાણ થાય. આ ભારતીયતામાં સૌનો આદર રહ્યો છે. સૌ સતને વરે એવી અભીપ્સા રહી હોય છે.

આ ભારતીયતામાં ઉપર જોયું તેમ જ્ઞાન, પ્રેમ, મનુષ્ય,પ્રત્યેક સજીવમાત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં શુદ્ધિ-વૃદ્ધિ માટેનો અવકાશ છે. આવી અનન્ય સમુદારતા ધરાવતી આ ભારતીયતા એ હજારો વર્ષની આવી પ્રક્રિયાનું સાચું પરિણામ છે. અહીં લૌક્કિ હું છે તો સાથોસાથ બૃહદ્ હું નો આવિર્ભાવ, માનવીના ઉદાત્ત – વિનીત રૂપને જો પામવું હોય તો એણે ભારતીયતાનાં ક્ષેત્રમાં વિધિસર પ્રવેશ મેળવવો પડે.:

**" ૐ સહના વવતુ સહનૌભનમકતું સહવીર્યં કરવાવહૈ ।**

**તેજસ્વિનાવધીનમસ્તુ માવિદ્ધિષાવહૈ ॥**

અર્થાત્ વિધિ-વિધાન નહિ પણ સાથે જીવવુ; ઉત્તમ જીવવું, પ્રેમ તત્ત્વને પિછાણતા જવું અને યથાર્થ જીવવું એ ભારતીયતાની ઓળખ છે. નાસ્તિમૂલક વાતાવરણ આપણાં આજનાં સમયમાં વધુ પ્રવર્તતું જણાય છે. એ નાસ્તિમૂલક વાતાવરણની વચ્ચે મૂલ્યોનું સંવર્ધન થાય, આસ્તિકતાનો તંતુ તૂટે નહિ અને પરિવર્તનના પવનને જાણીને જયાં માનવતાનો પુરસ્કાર આજે પણ થાય છે. એવા ૨૧મી સદીના પહેલા ચરણમાં આ ભારતીયતા કેટલી પ્રસ્તુત રહી છે તેનો આપણને ખ્યાલ આવે છે.

સામાન્ય રીતે ભારતીયતાની સાથે સંસ્કૃતિ, ધર્મ, અધ્યાત્મ વગેરેને સાંકળીને એનું ઉપરછલ્લું દર્શન કરવામાં આવે છે ત્યાં કેટલીક દ્વિધાઓ જન્મે છે. આપણે જાણીએ છીએ કે દરેક પ્રજાને પોતાની સંસ્કૃતિ હોય છે.

આ સંસ્કૃતિ વાસી હોતી નથી એને જોવાનો ઉપક્રમ બદલાય જાય તો જ સમસ્યાઓનું નિર્માણ થાય છે. સંસ્કૃતિને જાણનારે એનાં મૂળ તત્ત્વ સુધી ડૂબકી મારવી પડે. ચૈતન્યથી ભરેલા આ તત્ત્વને માણવા અને નાથવા ચૈતન્યશીલ બનવું પડે છે. પરિવર્તનનાં પવનને ઓળખવો પડે છે અને અધ્યાત્મ સુધી પહોંચવું પડે છે. સંસ્કૃતિમાં અધ્યાત્મનો વિચાર જીવનથી અતિરિકત હોતો નથી. આ અધ્યાત્મ એ તત્ત્વનું ટૂંપણું નથી. અધ્યાત્મ એટલે આત્મદર્શન આપણું સકલ અસ્તિત્વ. આપણી પ્રાર્થનામાં કહીએ છીએ તેવું એનું ઉદાત્ત તત્ત્વ - "પોતાનામાંથી આપો, પોતાને નહિ."માનવી, પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંયોજન. આવા સતત ગતિ કરતાં 'ભારતીયતા'નાં તત્ત્વને કથારૂપ આપવાનો પ્રયત્ન ગુજરાતી નવલકથાકારોએ કર્યો છે અને તેનાં પરિમાણો અને પરિણામો વિશે અગાઉ મેં વિમર્શ કર્યો છે. અહીં મારો ઉદ્દેશ એનું સમગ્ર લક્ષી અવલોકન કરવાનો છે.

'સરસ્વતીચંદ્ર' નવલકથાથી ગુજરાતી નવલકથાનું સ્વરૂપ થોડું દઢ બને છે. ગોવર્ધનરામ મનીષી હતા. તેઓ પોતાના સમયની પ્રાચીન સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વિશે ચિંતન વિમર્શન કરે છે ત્યારે પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિના સ્વીકાર્ય અને ત્યાજય અંશોને એ પસંદ કરે છે. આપણે જોયું છે તેમ ગાંધીજીના ભારતમાં આગમન પૂર્વેનો આ સમય હતો. સમગ્ર ભારત, ભારતીય સંસ્કૃતિ, રાજકારણ, સમાજકારણ, અર્થકારણ, રાષ્ટ્રપ્રેમ વગેરે વિશે પૂરી નિષ્ઠાથી વિચારનાર આ સ્રષ્ટાએ એમની સમગ્ર તત્ત્વભાવનાને પોતાની નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં આલેખી છે. આ તત્ત્વકથા શુષ્ક અને દરિદ્ર ન બની જાય એ વિશે તેઓ

સભાન છે. આથી એમાં પ્રેમભાવનાના ઉજજવળ રૂપો ગૂંથીને એને સૌંદર્યનો ઓપ આપ્યો છે ને સાથે સાથે પ્રકૃતિ, માનવપ્રકૃતિ, સંસ્કૃતિ વગેરેના સામંજસ્ય દ્વારા એને ભારતીય સંસ્કૃતિની કથા બનાવી શકયા છે. ધર્મ, કર્મ, સૌદર્ય અને પ્રેમતત્ત્વ, રાષ્ટ્રભકિતનું તત્ત્વ એ એમનાં લક્ષ્ય બન્યાં છે. એમણે ભારતીય રહીને વૈશ્વિક સ્ફુરણો કેવી કેવી રીતે અનુભવ્યા છે તે આ ભારતીય સંસ્કૃતિ કથા દ્વારા સિદ્ધ થાય છે.

ગોવર્ધનરામે પોતાની જીવનદષ્ટિને આલેખતી વખતે એના દેશકાલાનુસાર અર્થઘટનો આપ્યા છે. અને લોકસંગ્રહાર્થે અને તથા કલ્યાણ- ગ્રામના વિભાવો આ કથામાં વણી લીધા છે. ભારતીય સંદર્ભને ઉજાગર કરવામાં કલ્યાણગ્રામની રચના એ રાજધર્મ ગૃહસ્થધર્મ અને સેવાધર્મની પડછે સાકાર થઇ છે. પોતાના સમય સંદર્ભને તેમણે એટલો આત્મસાત્ કર્યો હતો કે એમની આ નવલકથામાં રાષ્ટ્ર અને માનવતાના સમન્વયનો એમનો યજ્ઞ કર્મસભર સંન્યસ્ત સુધી લંબાય છે. ભારત અને ભારતની પ્રજાના તત્કાલીન પ્રશ્નોનું નિરાકરણ તેઓ આ કર્તવ્યભાવનામાં જાવા પ્રેરાયા છે. ભારતીય પશ્ચિમી સંસ્કૃતિના સમન્વયમાંથી દેશકાલાનુંરૂપ નવસંસ્કૃતિનું નવું વહેણ તેઓ જોઈ શકયા છે.

અહી "કથા છે, પાત્રો છે, વર્ણનો છે, વાસ્તવ અને કલ્પનાના અનેક વિવર્તો છે. પણ એ બધું પ્રેમકથાને પ્રેમકથા રહેવા દઈને ભારતીય સ્તરે ભારતની કથાને એમ પ્રેમની પડછે સંસ્કૃતિ ગવેષણાની કથા બનાવે છે. સરસ્વતીચંદ્રનો ખરો વિશેષ જ એ છે."[૧] ગોવર્ધનરામનું આ યુગદર્શન આમ, ભારતની નાડીના ધબકારને ઝીલે છે. બંગાળમાં જે વિચારયજ્ઞ રવીન્દ્રનાથ ટાગોરે આરંભ્યો હતો એવો જ વિચારયજ્ઞ ગોવર્ધનરામ

પોતાના નવલકથા સર્જન દ્વારા આરંભે છે. એમની ચેતના નિરંતર કશાકની શોધમાં રત રહેતી. આથી તે ભારત અને ભારતીય સંસ્કૃતિની ચિકિત્સા કરતાં કરતાં એના અતીત- સાંપ્રતમાં જે કંઈ શુદ્ધિ-વૃદ્ધિ જણાય તે માટે તત્પર રહીને પ્રયુકત થયા છે. ગોવર્ધનરામ આથી યુરોપના માનવતાવાદનો તંતુ પકડે છે અને ભારતીય સંસ્કાર-સંસ્કૃતિને આત્મસાત્ કરતી એમની પૂર્વીય દષ્ટિ તેમાં એને ઓગાળી નાખે છે. સાચા ભારતના આત્માની ખોજ કરનારા સર્જક બની રહે છે. પ્રારંભનો ‘કલ્યાણયજ્ઞ’ જ ‘કલ્યાણગ્રામ’ સુધી આમ વિસ્તરી શકયો છે. કલ્યાણગ્રામની તેમની આ યોજનામાં ભારતદર્શન કંઈક વધારે નક્કર બન્યું છે. એનું રૂપ અલબત્ત મર્યાદિત છે પરંતુ એમની આ કલ્પના ભારતવર્ષ માટેની છે.

રવીન્દ્રનાથ એમના સર્જનમાં માનવતાનો તાર પકડે છે તો ગોવર્ધનરામ સકલ ‘સંસાર’ને આગળ લઈને ચાલ્યા છે તેથી વ્યકિતથી સમષ્ટિ સુધીના બધાં રૂપો ને આવરી લે છે. એમાં પૂર્વ-પશ્ચિમના હેનોપાદેયનું તથ્ય શું છે એ દર્શાવે છે. આપણી સંસ્કૃતિમાં જે જરજરિત છે તેને ચીંધે છે અને તેના ઉજ્જ્વળ અંશો છે તેને પ્રકાશિત કરે છે.ટૂંકમાં, એમ કહી શકાય કે એમનું સમન્વયવાદી માનસ ભારતીયતાનાં એમણે લાધેલા જે સંસ્કારો હતા તેની પણ નવનિર્મિતિ કરવામાં પોતાનો સાચો પુરુષાર્થ જુવે છે.

રમણલાલ વસંતલાલ દેસાઈને ગાંધીપ્રેરિતભાવના અને મૂલ્યોનો સીધો લાભ મળ્યો હતો. ગોવર્ધનરામનો સમય એ પહેલાંનો હતો ગોવર્ધનરામે બહુ જ વ્યાપક ફલક ઉપર પોતાનો વિચારયજ્ઞ આરંભ્યો હતો. તત્કાલીન ત્રણ સંસ્કૃતિઓનું વિચારવિમર્શન કરતાં કરતાં તેઓ ગૃહ,

સમાજ, કુટુંબ, રાજય, પ્રેમ, દેશ અધ્યાત્મ એમ વિધવિધ વાનાંને તત્ સંદર્ભે જુએ મૂલવે છે. દારુણ વિચાર સંઘર્ષ અને મનનના પરિપાક રૂપે આપણને 'સરસ્વતીચંદ્ર' જેવી ચાર ભાગમાં આલેખાયેલી નવલકથા મળે છે. ગોવર્ધનરામ પાસે નવલકથા લેખન માટેની એવી કોઈ પૂર્વ પરંપરા ન હતી છતાં તેમણે સ્વયં એક પડકાર ઝીલ્યો. નવલકથાને સંસ્કૃતિકથાનું પરિમાણ તેઓ પોતાની સર્વ શકિતના બળે આપી શકયા. એ નિમિત્તે ભારતીયતાનાં પરિમાણો સાહિત્યમાંથી કેવી રીતે પામી શકાય તેનું ઉજજવળ દષ્ટાંત તેમણે પૂરું પાડયું.

ર.વ.દેસાઈને આ વારસો મળ્યો ઉપરાંત એમનું વિમર્શન પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ સુધી વિસ્તર્યું હતું. તેઓ ગોવર્ધનરામની જેમ સમન્વયવાદી હતા. પોતાના સમયની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિને પશ્ચિમની સંસ્કૃતિના સામાજિક-સાંસ્કૃતિક સ્તરોની વચ્ચે મૂકીને એને જુએ તપાસે છે અને એમ એમની સર્ગશકિતનો ઉન્મેષ પ્રગટ થાય છે એમની નવલકથાઓમાં. ગાંધીકથિતમૂલ્યોનો સ્વીકાર એમણે પોતાની રીતે જ કર્યો છે. ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં એમની રાષ્ટ્રીયતાની ભાવનાનો પિંડ બંધાય છે. સમાજની સાંસ્કૃતિક વિચારધારા અને રાષ્ટ્રીયતા એ બન્નેને તેમણે અડખે-પડખે મૂકીને મૂલવી છે તે આપણે છે અગાઉની ચર્ચામાં જોયું છે.

સામ્યવાદ, સમાજવાદ, વર્ગવિગ્રહ, ગાંધીવાદ, ગ્રામોદ્ધાર વિશ્વવિગ્રહ વૈજ્ઞાનિક તથ્યો અને સત્યો વગેરે એમના વિચારભાથાંમાંથી તવાઈને બહાર આવે છે. એને વધુ સંમાર્જિત કરે છે.ગાંધીજીનો માનવતાવાદ, એમની નવલકથાઓમાં આ માનવતાવાદનું કાંતિભર્યુ રૂપ

અનુભવાય છે. ગ્રામોદ્ધાર વગર રાષ્ટ્રોદ્ધાર શકય નથી. ગ્રામોદ્ધારમાં પ્રજાના ઉત્થાનની આવશ્યકતા છે. ગાંધીજીની આ પ્રકારની વાસ્તવિક જીવનદષ્ટિને રમણલાલના પાત્રો ચરિતાર્થ કરે છે. એ સંદર્ભે એમને ‘ગ્રામલક્ષ્મી’ નું સર્જન કર્યું છે. આ ‘ગ્રામલક્ષ્મી’માં ગાંધીજીની વ્યવહારિક જીવનદષ્ટિના અનેક સંકેતો સમાયેલા છે. બીજી બાજુ ‘ભારેલો અગ્નિ’ માં વિપ્લવકથા નિમિત્તે એમણે ભારતીય પ્રજાના સંઘર્ષને અહિંસા નિઃશસ્ત્રીકરણ અને સ્ત્રીસન્માનની ભાવનાઓને રાષ્ટ્રીયતાથી આગળ વધીને ભારતીયતામાં પુનઃસંસ્કરિત કરી આપ્યો છે.

રમણલાલ ગાંધીજીની અહિંસાને ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ લેખતા હતા. ગાંધીજીએ ભારતની પ્રાચીન સંસ્કૃતિના શુભ તત્ત્વોને સજીવન કરી એના પરથી કાટ દૂર કરીને પોતાના સમય સંદર્ભમાં એ તત્ત્વોનું અભિનવ અર્થઘટન આપ્યું હતું. આથી તેઓ પોતાની નવલકથાઓમાં રાષ્ટ્રીય એકતા સત્ય, અહિંસા દ્વારા સાંસ્કૃતિક અસ્મિતાને પ્રબોધે છે. ભારતીય નારીજીવનના મૂલ્યની સાથે તેઓ ધર્મ, અર્થ, કામ, મોક્ષ જેવાં તત્ત્વો વણી લે છે. અરૂણ, અશ્વિન, રુદ્રદત્ત, કોકિલા, રંજન, કલ્યાણી વગેરે વગેરે પાત્રોમાં સાંસ્કૃતિક વિચારક્રાંતિના દર્શન થાય છે. વ્યકિત, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષમાં જ સાંસ્કૃતિક અસ્મિતા સમાયેલી છે. તે એમના સમાજ-સંસ્કૃતિના નિરૂપણના અભિગમ દ્વારા પ્રતીત થાય છે. સાથોસાથ એમ કહેવું જોઈએ કે એમણે પણ ગોવર્ધનરામની જેમ સમાજ અને સંસ્કૃતિની પરિવર્તન પામતી વિભાવનાને સ્વીકારી છે. ગોવર્ધનરામની જેમ એમણે વૈશ્વિક પરિસ્પંદો ઝીલીને પોતાની સંસ્કૃતિના તત્ત્વો સાથે એનો સમન્વય સાધ્યો છે. એમ કહી શકાય કે

રમણલાલે કુટુંબગ્રામથી શરૂ કરી વિશ્વ સુધીના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક મૂલ્યોનાં વિમર્શન દ્વારા ભારતીયતાનાં પરિમાણને ઊપસાવ્યું છે.

કનૈયાલાલ મુનશીનો સમય રમણલાલ દેસાઈની જેમ જ રાષ્ટ્રીય વાતાવરણનો હતો. એ સમયગાળાનો રાષ્ટ્રવાદ અગાઉના કરતાં સહેજ જુદા પ્રકારનો હતો રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદના ભારતીય સંસ્કારોથી પ્રેરાઈને બંધાયો હતો. એ નવજાગરણનો સમય હતો તેથી એકબાજુ ભારતીય સંસ્કૃતિના અને સંસ્કારોના આવાં ઉન્મેષો અને બીજી બાજુ પશ્ચિમને જોવા સમજવાની અદમ્ય વૃત્તિ આ બન્નેની વચ્ચેથી ભારત દેશની છબી ભારતમાતા રૂપે અંકાતી હતી. આવા ભારતમાં કનૈયાલાલ મુનશી પોતાના સર્જન માટે પ્રસ્થાન કરે છે. ગોવર્ધનરામની, રમણલાલ દેસાઈની ભારતીયતાને નિરૂપતી નવલકથાઓની પરંપરાની વચ્ચે તેમણે સર્જનનો સંકલ્પ સેવ્યો. મુનશી પાસે આપણા પુરાણોનો મોટો વારસો હતો. આ બધી સરવાણીઓનો એમને પ્રત્યક્ષ લાભ મળ્યો છે. પોતાના સમકાલીન સમયને અવલોકવાની તેમની પાસે સારી સૂઝ હતી. આથી પોતાના સમયના પૌરાણિક સાહિત્યિક વારસાની સાથોસાથ એમાં ધર્મ, કળા, નારી, શિક્ષણ, ઈતિહાસ, વિજ્ઞાન, જ્ઞાન એવું બધું જોડાતું જાય છે. સમયે સમયે તેઓ  એ વિશે ચિંતન-મનન કરે છે તેમાંથી આપણને એમનો અસ્મિતા વિશેનો વિભાવ અને આર્યાવર્ત વિશેની એમની સંકલ્પના પ્રાપ્ત થાય છે. આ બન્ને તત્ત્વો એમની નવલકથાનાં ધારક બળો બન્યાં છે.

મુનશીની ચેતનામાં ગુજરાત અને એનો ઈતિહાસ ધબકે છે. એ ગુજરાત કેવળ પ્રદેશ રૂપે નહિ પણ એના ઈતિહાસ અને સાહસના વિસ્તાર રૂપે આવે છે. જેના તંતુઓ દેશ-આર્યાવર્ત સુધી લંબાય છે. આ તત્ત્વોનાં

સત્ત્વને તેઓ પોતાના નિજત્વથી, આંતરબાહ્ય અસ્તિત્વથી પામે છે. યોગસૂત્રમાંથી પ્રાપ્ત થયેલ આ અસ્મિતાનો પાયાગત સંકેત એમને પોતાના 'હું' થી 'બૃહદ્ હું' સુધી વિલસવા પ્રેરે છે. એની સાથે આર્યાવર્ત અને એની સાથે અતીત, વર્તમાન અને અનાગતની દૃષ્ટિ ગૂંથાય છે એને બહુકોણીય બનાવે છે ગાંધીમૂલ્યો અને વિશ્વપ્રેમ.

મુનશી પોતાની નવલકથાઓમાં પ્રસ્થાન કરે છે ગુજરાતની અસ્મિતા સાથે. એમણે સમકાલીન સમાજના વિધિવિશેષો, રૂઢિરિવાજોને કારણે અતૃપ્ત ઈચ્છાઓ, એષણાઓ, પ્રણયની સંવેદનાઓને આલેખીને પ્રજાકીય ચેતનાનો ચહેરો દર્શાવ્યો છે. આ પ્રજાકીય ચેતના અને અસ્મિતા અખંડ અવિભાજય ભારતવર્ષના નિર્માણનો માર્ગ ઉઘાડી આપે છે. અહી નોંધવું પડે તેવું લક્ષણ છે એમનું વાસ્તવિકતા વિશેનું દર્શન અને વર્ણન.

મુનશીએ જોવું હતું કે ભારતની રાષ્ટ્રીય ભાવનામાં પ્રાદેશિક અસ્મિતા-વિવિધતાના સંવર્ધન માટે પૂરતો અવકાશ હતો. એમણે અહી સહેજ વ્યસ્ત ભૂમિકા સ્વીકારી ગુજરાતી અને એની અસ્મિતાનાં વિધવિધ રૂપો પ્રગટાવતા જઈને ભારતવર્ષની સાંસ્કૃતિક અસ્મિતાના પોતાના લક્ષ્યને ચરિતાર્થ કરવાનો સતત પ્રયત્ન કર્યો છે.

**"મુંજાલ કાક અને ખેંગાર તેમજ મીનળ, મંજરી અને રાણક જેવાં પાત્રો વડે મુનશીએ ગુજરાત અને આર્યાવર્ત અંગેની પોતાની જ સંવેદનાને પ્રકટ કરવાનો પોતાની રીતેનો પ્રયત્ન કર્યો છે. આવી Cultural self-consiciousness પાછળ કશું હવાઈ કે કાલ્પનિક નહિ પણ વાસ્તવભર્યું, અનિવાર્ય એવું સત્ય પડેલું છે."**[૨] ગોવર્ધનરામ, રમણલાલની જેમ મુનશી સંસ્કૃતિના સમન્વયના હિમાયતી હતા. તેઓ એમના

પુરોગામીઓની જેમ પશ્ચિમની સંસ્કૃતિના અંધ અનુકરણમાં જેમ નહોતા માનતા તેમ આપણી સંસ્કૃતિના મૂલ્યોનું આરોપણ કરવામાં પણ માનતા નહોતા. મુનશીએ એમના બે પુરોગામીઓની જેમ જ ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં જ અસ્મિતાની ભાવના ઘડી છે. આ ત્રણેય નવલકથાકારોએ ભારતીયતાનાં નિરૂપણમાં સમાજદર્શન કરાવ્યું છે પણ એમની અભિવ્યકિત પોતપોતાની આગવી છે. મુનશીએ એમના સમયના રાજકારણને ભારતીય પ્રાચીન, અર્વાચીન સંસ્કૃતિના પ્રકાશમાં મૂલવ્યું છે. જો કે એમનો રોમાન્ટિક ઝોક એમને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય સુધી પહોંચાડવામાં અવરોધ ઊભો કરે છે એ નોંધવું રહ્યું.

મુનશીએ નવલકથા લેખન દ્વારા પોતાનો યુગધર્મ બજાવ્યો છે. સાથોસાથ નેતા, પ્રધાન, સમાજસેવક રૂપે જે જીવન જીવ્યા છે એનો લાભ એમના યુગધર્મને થયો છે. એમના જીવનદર્શનમાં વિકાસોન્મુખ રાષ્ટ્રીય અસ્મિતાનું દર્શન થાય છે.

મુનશી પ્રાચીન સંસ્કૃતિના પક્ષપાતી હતા. આથી આર્યસંસ્કૃતિનું વર્ણન કરવાની તેઓ એક પણ તક છોડતા નહતા. અવિભકત કુટુંબની પ્રથા, દામ્પત્યભાવના, રૂઢિભંજકતા, વર્ણાશ્રમ, ધર્મ એક અને અખંડ આર્યાવર્તની સંકલ્પજન્ય ભાવનાની સાથે તેઓ ઐતિહાસિક સાતત્યને સાંકળીને પોતાનું સર્જન કરે છે. સાંસ્કૃતિક વ્યકિતત્વ ધરાવતા ગુજરાતે આર્યાવર્તની એકતા સિદ્ધ કરવામાં, તેના સંસ્કાર જાળવવા માટે મહત્તમ ફાળો આપ્યો છે. તે એમની નવલકથાનો સૂર રહ્યો છે.

શ્રી મુનશીની ગુજરાતની અસ્મિતાની ભાવના દેશભક્તિ કે રાષ્ટ્રભાવનાની વિરોધી નથી, એટલું જ નહિ, પણ તેની પોષક છે. એ સ્પષ્ટ રીતે કહે છે કે "આર્યાવર્તથી ગુજરાત જુદું ન રહી શકે."

ગુજરાતી નવલકથામાં ભારતીયતાનાં પરિમાણો આલેખવામાં આ મુનશી એમના પુરોગામીઓ કરતા સહેજ જુદા પડે છે. કુટુંબ, જ્ઞાતિ, પ્રાંત, દેશ એમ મનુષ્યના દર્શનના વિષયો વિશાળ થતા જાય અને એ તેના વિકાસની સ્વાભાવિક સ્થિતિ બને અને ઉત્તરોત્તર વિકસતી ભાવના ભારતીયતાનાં પરિમાણનું નવું ફલક દર્શાવે અને વિસ્તારે પણ ખરું. મુનશીના રાષ્ટ્ર વિકાસની કલ્પના ગાંધીયુગના વાસ્તવિક લોક પ્રશ્ન સુધી ઓછી પહોંચે છે. એવું મુનશી વિશેનું નિરીક્ષણ સ્વીકારીએ પરંતુ એમણે એની સામે લોકશાહીના વ્યક્તિ સ્વાતંત્ર્યના મુદ્દાને સારી રીતે ઊપસાવ્યો છે એ પણ નોંધી શકાય. ખેંગારને રાણક સોંપવી એ કાકનો નિર્ણય અને કાક ચાંગદેવને ઉઠાવી જવાનો વિચાર પડતો મૂકી અને ત્યાંથી ચાલ્યો જાય છે એ બે કિસ્સા અહીં ધ્યાન દોરે છે.

આમ, મુનશી ભારતીય મૂલ્યોની માવજત આર્યાવર્તની અને અસ્મિતાની પોતાની વિભાવનાને revitalized કરતાં રહ્યાં છે.

રમણલાલ દેસાઈ અને કનૈયાલાલ મનશી ગાંધીપ્રેરિતમૂલ્યોને પોતાની નવલકથામાં આલેખીને એના બૃહદ્ પરિમાણો દર્શાવે છે. અહિંસા, અસ્મિતા, આર્યાવર્ત જેવાં તત્ત્વો કથારૂપ ધારણ કરીને ભારતીયતાનાં ગોત્રને વધુ દૃઢ બનાવે છે તે આપણે ઉપર જોયું. દર્શકનું ગુજરાતી નવલકથાક્ષેત્રે આગમન એ સ્વાતંત્ર્યસંગ્રામના અને તે પછીના માહોલનું છે. દર્શકે પોતાની ધરતીનાં મૂળિયાંનો સ્વાદ ચાખ્યો છે.

સાથેસાથે વિશ્વની ઘટનાઓ અને અન્ય સંસ્કૃતિઓના કંપ તેમણે ઝીલ્યા છે.તેમાં ભળે છે કૃષિ જગત, શિક્ષણ, ઈતિહાસ, રાજકારણ, માનવીયમૂલ્યો, પ્રકૃતિ જગત અને લોકશાહીનાં પરિરૂપો અને આ બધાની સન્નિધિમાં તેઓ ભારતીય સંસ્કાર-સંસ્કૃતિના નવાં અર્થઘટનો આપણને સમજાવે છે. અગાઉ નોંધ્યું છે તેમ એમનું પેલું સિત્તેર ટકાનું જીવન પેલા ત્રીસ ટકાનું સ્ત્રોત બને છે. આથી તેમની ચેતના દેશ અને દેશ બહારની સરહદો સુધી વિહરે છે. દર્શકને ગુજરાતી ભાષામાં લખનારા ભારતીય લેખક તરીકે એટલે જ કદાચ નવાજવામાં આવ્યા હશે. વ્યકિત ગ્રામના પ્રશ્ન ોથી માંડીને જગતના મહત્ પ્રશ્નો સુધીની તેમની નવલકથાઓમાં અનુસંધાન જોવા મળે છે. યુદ્ધ નહિ પ્રેમ જ માનવી માટેનો સાચો વિકલ્પ છે એ ભારતીય દર્શનની વિશિષ્ટતાને તેમણે ‘દીવનિર્વાણ’, ‘ઝેર તો પીધાં જાણી જાણી’, ‘બંધન અને મુકિત’, ‘કુરુક્ષેત્ર’ વગેરેમાં ચરિતાર્થ કરી છે.: **“આત્મનિરિક્ષણ વિના તમે જગતનું પરિક્ષણ કરવા જશો તો જેવું તમારું મન હશે તેવું દેખાશે. તમારે દૂરબીનનો કાચ તો સાફ કરવો પડશે....માણસ યુદ્ધ માટે જન્મ્યો નથી, નહિતર તેને મગર જેવા દાંત કે વાઘ જેવા પંજા કુદરતે આપ્યા હોત.”**[૩]

આમ, દર્શકનું વિચારતત્ત્વ અને તેની સંવેદના ભારતીયતાની વિચારધારાને જુદી જુદી રીતે પુષ્ટ કરે છે. ‘ઝેર તો પીધાં છે જાણી જાણી ’ અને દીપનિર્વાણની આંતરસમૃદ્ધિના પાયામાં આ ભારતીયતા જ છે. બ્રાહ્મણ ધર્મનો વિરોધ કર્યા વિના બૌદ્ધધર્મના પક્ષપાતી બનીને તેમણે કરુણાના તત્ત્વને ઊપસાવ્યું છે. ‘બંધન અને મુકિત’માં બળવાની પૃષ્ઠભૂ હોવા છતાં એમાં બીજરૂપે કરુણા જ રહી છે. ‘પ્રેમ અને પૂજા’ સત્યાગ્રહની

ધરી ઉપર વિકસતી નવલકથા છે પણ તેમાંય નાયક નાયિકાની સહિષ્ણુતા, સમ્‌ઉદારતા તેમને સત્યાગ્રહીઓ કે ચળવળકારીઓથી અલગ પાડે છે આમ, **"દર્શકમાં એમ એક સૂત્ર રૂપે ટાગોરના 'ગોરા'માં બન્યું છે તેમ, ભારતીયતાનું વધુ વ્યાપક તે તેજસ્વી રૂપ પ્રકટયું છે. ભારતીયતા ખરી પણ સત્યને ભોગે નથી, સ્વાર્થીપણાને, ટૂંકી દષ્ટિએ તેમાં સ્થાન નથી. દર્શકનો કરુણાધર્મ, આરંભથી એમ સતત એમની કૃતિઓમાં જુદે-જુદે રૂપે અભિવ્યકત થતો રહ્યો છે."**[૪] આ વિધાન સાથે સંમત થવાય તેમ છે. ગોવર્ધનરામની, રમણભાઈ અને મુનશીની જેમ દર્શકનું વલણ સમન્વયવાદી રહ્યું છે. તેઓ ઈતિહાસ અને કાળલક્ષી પ્રશ્નોને પસંદ કરે છે પરંતુ તેના આંતરવિશ્વ સુધી પહોંચીને એ સંદર્ભનું નવીનીકરણ કરે છે. એટલા જ માટે એમનો સોક્રેટીસ હાડે ગ્રીક છે પણ એમાં આત્મા ભારતીયનો વસ્યો છે. 'કુરુક્ષેત્ર'ના કથાનકમાં પણ એમને ભારતીય માણસની નાડ પારખી છે. તેથી 'કુરુક્ષેત્ર' ને યુદ્ધને યુદ્ધરૂપે નહિ, ધર્મયુદ્ધ રૂપે પ્રગટ કરવું હતું. કૃષ્ણવાળું કુરુક્ષેત્ર અને કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર એ બન્ને હોય પરંતુ કુરુક્ષેત્રમાં એમણે કૃષ્ણનું દર્શન કરવું હતું. વિજય ખરો પણ ધર્મનો, યુદ્ધ ખરું પણ ધર્મનું તેથી તેઓ યુદ્ધના મૂળ સુધી પહોંચ્યા છે અને યુદ્ધને અંતે તેમણે માતાની મનોદશાને ચીંધી છે. દર્શક ભલે ઐતિહાસિક કે પૌરાણિક કથાનક પસંદ કરે પરંતુ તેને વર્તમાન ભારતના સંદર્ભે મૂલવે છે અને તેના નવાં અર્થઘટનો પ્રસ્તુત કરે છે. એમ કહી શકાય કે ઈતિહાસ હોય, પ્રેમ હોય કે યુદ્ધનો સંદર્ભ હોય દર્શક પોતાની જીવનદષ્ટિ દ્વારા એમાં માનવતાની ઉપાસનાને અને સાંસ્કૃતિમૂલ્યોને સહજ રીતે વ્યકત કરતાં જણાય છે. **"વિશ્વ જયાં કરુણાના પાયા ઉપર એક નીડ થશે, આખી વસુધા એક લોહીનો પરિવાર થાય, આ કરુણા ઢોર-ઢાંખર, ઘાસ-પાંદડા સુધી**

વિસ્તરે છે અને પરિણામે 'વિશ્વઆશ્રમ સંતનું' એ કલાપી ઉક્ત વ્યવસ્થાની કલ્પના કરવામાં આવી છે."[૫] - કરુણા, મુદિતા, મૈત્રી જેવા ભાવો અમૂર્ત ભાવો ન રહેતા નવલકથા સૃષ્ટિમાં પોતાનો આગવો અર્થ ધારણ કરે છે.

ભારતીય સંસ્કૃતિના કેટલાંક મૂળભૂત તત્ત્વો એમની વિચારણામાં એકદ્રવ બનીને આવ્યા છે. એ રીતે તેમનું તત્ત્વાનુસંધાન ગોવર્ધનરામના વિશ્વ સુધી વિસ્તરે છે. શરદચંદ્ર અને ટાગોરના ભાવવિશ્વ સાથે એમનું અનુસંધાન પણ જણાય છે. દર્શકનો સમય એમને ઈતિહાસ અને સંસ્કૃતિ તત્ત્વના નવાં અર્થઘટન તરફ લઈ જાય છે. વિશ્વમાં પ્રવર્તતી અનેક વિચારસરણીઓની પડછે તેઓ ભારતીય સંસ્કૃતિ અને એનાં મૂલ્યોને અવલોકે છે. અને એનાં નૂતનરૂપનો આવિર્ભાવ સાધે છે. ઉશનસ્ નોંધે છે તેમ, "દર્શક વખતે તો ભારતીયતાને સ્થાને છે વૈશ્વિકતા વિશ્વકલ્યાણ યોજનાના પ્રશ્નો, સેશ્વર લોકશાહી કે નિરીશ્વર સામ્યવાદ કોણ આ સૂક્ષ્મ ને સંકુલ પ્રશ્નોના ઉકેલ લાવી શકશે પણ દર્શક સૂચવે છે કે ત્રીજો પણ એક વિકલ્પ છે. બે છાવણીમાં વહેંચાયેલા વિશ્વમાંથી બચેલું ત્રીજુ વિશ્વ, જેનું આગેવાન છે ભારત – તેનો ગાંધીવાદ....ગાંધીવાદી ભારતીય દર્શકે સેશ્વર ગાંધીવાદને આગળ રજૂ કરી ગોવર્ધનયુગના સમન્વય પછી ભારતને છાજે તેવા એક નવા સમન્વયને સૂચવી વિશ્વની સેવા કરી છે જે માટે આપણે એમના ઋણી છીએ."[૬] ઉશનસે્ યોગ્ય રીતે દર્શકની ભારતીયતાને સૂચવી છે.

ગોવર્ધનરામથી માંડીને દર્શક સુધીના નવલકથાકારોની રચનાઓમાં આપણે આ રીતે ભારતીયતાનાં પરિમાણોને ઊપસતાં જોયાં. હું ભારતીય

છું એ શબ્દોના અનુરણનો આ નવલકથાઓમાં જુદી જુદી ભૂમિકાએથી ગૂંજતા રહ્યાં છે. ત્યાં એક એવું ભારત છે, એવી ભારતીયતા છે જને આપણે તેને બરાબર આત્મસાત્ કરીએ તો પછી વૈશ્વિક નાગરિક બનવામાં મુશ્કેલી સર્જાતી નથી. આપણી ભાષા અને સંસ્કારને સમ્યક્ અર્થમાં પામીએ તો ભારતીયતા આપણને વિશ્વનાગરિક માટેની બધી બારીઓ ફટાફટ ખોલી આપે છે. આ સત્યનો મર્મ બહુ જ સમ્યક્ રૂપે ઉદ્ઘાટિત થાય છે. અહીં:- **"હું ભારતીયતામાં જીવનાર વિશ્વમાનવ છું !"**[૭]

દર્શકમાં આમ, ભારતીયતાનાં વિભાવનું સંસ્કરણ થતું જોઈ શકાય છે

અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં ધ્રુવ ભટ્ટ સહેજ જુદું તરી આવતું નામ છે. દર્શકના સમય સુધી આપણે વૈશ્વિકતાના સીમાડા સુધી પહોંચ્યા હતાં જયારે ધ્રુવ ભટ્ટ ભારતમાં વૈશ્વિકીકરણનું મોજું ફેલાયું એ સમયગાળામાં સર્જન કરતાં નવલકથાકાર છે. વચ્ચેના સમયમાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આધુનિકતાનું પ્રચંડ મોજું આવ્યું જેમાં મૂલ્યપ્રણાશ અને વિરતિની સંવેદના આકાર લઈ રહી હતી ત્યારબાદ અનુઆધુનિક સમયમાં પરંપરા ભણી પાછા જ વળવાની નેમ સાથે સાહિત્ય સર્જન થવા માંડયું નારીચેતના, દલિતચેતના, દેશીવાદના વિવર્તો જાગ્યાં વાસ્તવનાં અનેક રૂપો શોધાયાં પ્રાદેશિક અને વૈયક્તિક પરિવેશને સર્જક ઓળખતો થયો. એવી આબોહવામાં ધ્રુવ ભટ્ટ 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ', 'અગ્નિકન્યા', 'અતરાપી', 'કર્ણલોક', 'અકૂપાર' જેવી નવલકથાઓ લઈને આવે છે. માનવીની જીવનશૈલીથી માંડીને જીવનદર્શન સુધી આ વૈશ્વિકીકરણ અને અન્ય સંસ્કૃતિઓનો પ્રભાવ સમાજમાં જોવા મળે છે. ધ્રુવ ભટ્ટના આ

સમયસંદર્ભને આપણે ખાસ ધ્યાનમાં રાખવો પડે તેમ છે. 'સમુદ્રાન્તિકે' અને 'તત્ત્વમસિ' નવલકથામાં પ્રવાસ – ભ્રમણનાં નિમિત્તે એના નાયકો સમુદ્ર અને નદી જેવાં જળરૂપોની સન્નિધિમાં જીવતા અને શ્વસતા માનવોની ગાથા રજૂ થઈ છે. આ બન્ને નાયકો જે તે પ્રદેશ માટે આંગતુક હતા. સ્વેચ્છાએ ત્યાં પહોંચ્યા નહોતા પરંતુ એમણે પોતાના કાર્યભારના સંદર્ભે તે તે પ્રદેશની પ્રજા સાથે સંપર્કમાં મૂકાવાનું આવ્યું.ક્રમશઃ આ બન્ને નાયકોની ચેતનાને જે રીતે એ પ્રજાની રહેણી-કરણી, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, માન્યતાઓ, જીવનશૈલી અને એમનાં જીવનમૂલ્યો દ્વારા ભારતીય સંસ્કૃતિના ભાતીગળ રૂપોનો સાક્ષાત્કાર થાય છે, અને એક તબક્કે તેઓનાં મૂળિયાં એ સંસ્કૃતિમાં રોપાય છે. અર્થાત્ તેમના 'હું' પેલા 'બૃહદ હું' ના સાન્નિધ્યમાં વિકસે-વિસ્તરે છે. આત્મદર્શન દ્વારા થતો અનુભવબોધ આ લોકસંસ્કૃતિ, એનો પ્રાકૃતિક પરિવેશ અને ત્યાંના માનવીઓની સચ્ચાઈ અને પારદર્શકતા વિના સંભવી ન શકે. અહીં અગાઉના નવલકથાકારો કરતાં ભારતીયતાનું તત્ત્વ ઉદાત્ત માનવપ્રેમ અને વ્યાપક જીવનમૂલ્યો દ્વારા જ ઊપસ્યું છે એને રાજકીય, સામાજિક, આર્થિક, સમસ્યાઓ સ્પર્શે છે. પરંતુ એ બધાની ઉપર તરી આવે છે એમનો સંસ્કૃતિ પ્રેમ અને તેની સાહજીકતા.

ધ્રુવ ભટ્ટની અન્ય નવલકથાઓમાં પૌરાણિક સંદર્ભના વર્તમાન સંદર્ભે થયેલા અર્થઘટનનો આલેખ મળે છે. 'કર્ણલોક' અને અનાથાશ્રમ વર્તમાન, શિક્ષણ, સંસ્કારની નિષ્ફળતા અને બે શ્વાન બંધુઓનું મેટાફર, ગિરપ્રદેશ અને અકૂપાર કાચબો વગેરેના સંદર્ભો સાથે એમણે જે તે પ્રદેશની પ્રજાનું ખમીર, એમની જીવનરીતિ, જીવનનીતિ, એમનું

સમાજજીવન પર્યાવરણીય સૂઝ-સમજ ધર્મ-અધ્યાત્મના પોતીકા વિભાવો, પડકારોને ઉકેલવાની ત્રેવડ વગેરે દ્વારા રચાતો ભારતીયતાનો ગૂંફ એક સંસ્કૃતિ અને એના બહુલ રૂપો સમક્ષ ભાવકને મૂકી આપે છે. 'એકોડહમ્ બહુસ્યામ્'નો મંત્ર ગૂંજતો કરે છે.

ગુજરાતી નવલકથામાં ભારતીયતાનાં પરિમાણો તપાસવું રસપ્રદ બેન તેમ છે ગુજરાતી નવલકથાકારે પોતાના સમયસંદર્ભને અવલોકીને તેમજ પોતાની સર્ગશકિતનો વિનિયોગ કરીને આ નવલકથાઓ આપી છે. આ નવલકથાઓમાં આપણે જોયા તેવાં વર્ણ વિષયો છે. એ બધા વચ્ચેનુ એક સંકલન છે. આપણા ભવ્ય પ્રાચીન વારસાનું ભાથું છે અને સમકાલીન પરિબળો છે. ભારતીય સંસ્કૃતિના સતત સંસ્કરણ પામતા અંશો છે. આ બધાની વચ્ચે જે મૂળ નાખીને બેઠું છે, તે અને પરિવર્તનની દિશામાંથી ગળાઈ ચળાઈને જે સત્ત્વ રૂપે મળે છે એ બધાનું સંયોજીત રૂપ નવલકથાઓમાં આલેખાયું છે. ગોવર્ધનરામનું 'કલ્યાણગ્રામ', રમણલાલની 'ગ્રામલક્ષ્મી', મુનશીનું 'નૈમિષારણ્ય', દર્શકનું 'નંદનવન' આમ અનેક આદર્શ ચિત્રો અહીં રજૂ થયા છે. અહીં સત તત્ત્વ અને ન્યાય ધર્મ માટેનો સંઘર્ષ છે, તો 'રાષ્ટ્રીયતા' માંથી 'ભારતીયતા' તરફની ગતિ પણ છે. અહીં ઘણું બધું છે. ભારત એટલે શું? એ માટેની શોધ છે. ભારતની સાચી ઓળખ માટેની મથામણ છે. ભારતના આદર્શો અને મૂલ્યો છે. ભારતીય પ્રજાના ચારિત્ર નિર્માણ માટેની મથામણ છે. છતાંય કયારેક એવું જણાય છે કે, આ ભારતીયતા અને એના આદર્શોના પ્રકટીકરણ માટેની ગડમથલનું નર્યું  નરવું રૂપ આપણને પ્રાપ્ત થયું છે.? જીવનનીતિ અને જીવનરીતિ  વચ્ચેનું દ્વૈત આપણે ઓછું કરી શકયા છીએ

ખરા? રાષ્ટ્રની બાહ્ય અને આંતરિક સંપદાના સંસાધનોના રક્ષણ માટેના તરીકાઓ ફેર તપાસ માંગે છે. ભારતીયતા એક સાતત્યપૂર્ણ વિભાવ હોય તો સમયે સમયે એના પરિરૂપો કેવાં અને કંઈ ભૂમિકાએથી દર્શાવાય છે, તેની તપાસ એક પ્રજા રૂપે કેવી હોઇ શકે તેની અપેક્ષા સાહિત્ય પાસેથી ચોક્કસ રહે. રાષ્ટ્રના હિતો સ્વપ્નો, સંકલ્પો પરત્વે ભારતીય પ્રજાના ઉત્તરદાયિત્ત્વ વિશે પણ અંગુલિનિર્દેશ કરી શકાય.

છતાં એ પણ સાચું છે કે ગુજરાતી નવલકથાકારે પોતાના સમયસંદર્ભ અને દષ્ટિ સંદર્ભને સમજીને આ ભારતીયતાનાં પરિમાણો વ્યાપક ફલક ઉપર ઊપસાવ્યાં છે.

વૈશ્વિકીકરણ અને બહુસંસ્કૃતિવાદના આપણા આ સમયમાં જયારે ભારતીયતાનો પરિપ્રેક્ષ્ય તપાસીએ છીએ ત્યારે જણાય છે કે અનેક સંસ્કૃતિઓના પ્રભાવ વચ્ચે ભારતીય સંસ્કૃતિએ પોતાનું મૂળ સત્ત્વ હજુ ટકાવી રાખ્યું છે. પરિવર્તનની ભૂમિકાને સ્વીકાર્યા પછી અનેક સંઘર્ષો, મથામણો, ચઢાવઉતાર અને વિધર્મીઓ અને વિદેશીઓના આક્રમણો, પરતંત્રતાની વચ્ચે ભારતીય સંસ્કૃતિ એનું મૂળ સત્ત્વ ગુમાવી બેઠી નથી. સંમાર્જન અને સંશોધન એ જીવનનો નિયમ છે. એ રીતે ભારતીય મૂલ્યો નિકષ ઉપર ચઢયાં છે. કયારે દિશા બદલાતી પણ જણાય છે.છતાંય પેલું મૂળનું તત્ત્વ અને સત્ત્વ આ બધાની વચ્ચે સતત કોળતું રહ્યું છે અને પાંગરતું રહ્યું છે. ગુજરાતી નવલકથાની તપાસમાં આપણે આ જોયું છે છેક પંડિતયુગથી માંડીને અનુઆધુનિક યુગ સુધીના દીર્ઘ સમયપટ ઉપર જે કંઈ બન્યું છે તેમાંથી પણ ભારતીયતાનું ધારક તત્ત્વ નીખરી આવ્યું છે. ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, પુરાકથાઓ, દંતકથાઓ, લોકસંસ્કૃતિ

અન્વયે બધું રસાયને વ્યકત થયું છે. ભારતીય સંસ્કૃતિનું સત્ત્વ ‘એકોડહમ્ બહુસ્યામ્’ – ભારતીયતા અને એનાં વિવિધ પરિમાણો - ચરિતાર્થ થયાં છે.

આમ, આ ભારતીયતાને માટે હું એક રૂપક પ્રયોજીને મારી વાત પૂરી કરીશ. ભારતીયતા એ કબીરવડ જેવી છે, જેની અનેક શાખાઓ પ્રશાખાઓ હોય છે. મૂળિયાંના મૂળિયાં પાંગરે છે. અને કબીરવડ સ્થિર, દઢ ઊભો છે. ઘટાદાર ઘેઘૂર વટવૃક્ષ એટલે ભારતીયતા.

## સંદર્ભસૂચિઃ


૧. દરજી, પ્રવીણ, 'અનુઘટન', રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૭.

૨. દરજી, પ્રવીણ, 'અસ્મિતા, ગુજરાત અને મુનશી', ગુર્જર જગદીશ, સં.-'અસ્મિતાના ઉદ્‌ગાતા-કનૈયાલાલ મુનશી', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, પ્રથમ આવૃત્તિ-૨૦૧૩, પૃ-૪૫.

૩. પંચોળી, મનુભાઈ'દર્શક' , 'ઝેર તો પીધાં છે જાણી જાણી-ભાગ-૩'આર.આર.શેઠની કંપની,અમદાવાદ.દ્વિતિય આવૃત્તિ-૧૯૯૫,પૃ.૫૯૨,૫૯૪

૪. દરજી, પ્રવીણ, 'અનુઘટન', રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૭.

૫. ઉશનસ, 'મૂલ્યાંકનો', કુમકુમ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૯, પૃ-૧૧૪.

૬. એજન, પૃ-૧૧૪, ૧૧૫.

૭. દરજી, પ્રવીણ, 'ભારતીય શબ્દ અને સંવેદના', રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૨૦૧૦, પૃ-૧૦૦.